

૭-અમદાવાદ પૂર્વ લોકસભા મત વિસ્તારના ઉમેદવાર શ્રી હિંમતસિંહનો રોડ શૉ આજ રોજ સવારે ૮ વાગ્યે રાંદેસણ ગામથી યોજાયો હતો. શ્રી હિંમત અમદાવાદ પૂર્વમાં સમાવિષ્ટ ગાંધીનગર દક્ષિણના ગામો ફરતા ફરતા અડાલજ ખાતે આવી પહોંચતા અડાલજ ગામના પ્રદેશ મહામંત્રી ડૉ. હિમાંશુ પટેલ તેમજ કાર્યકરો દ્વારા તેમનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ અગ્રણીઓ, કાર્યકરો અને સમર્થકોએ ઉષ્માભેર આવકાર આપ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)



બનાસકાંઠાના પાલનપુરમાં યુવા ભાજપ દ્વારા વિશાળ યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકસભાની ચૂંટણીમાં જંગી મતદાન કરવા અને ભાજપને ૨૭૨+ સીટો વિજયી બનાવવા મતદારોને આહ્‌વાન કરવામાં આવ્યું હતું. (તસવીર - હરેશ જોષી, પાલનપુર)

# ડભોડામાં ૧૫૧ કિલોની કેક કાપી હનુમાન દાદાનો 'હેપ્પી ફર્થ ડે' ઉજવાશે

## અતિ પ્રાચીન ડભોડીયા હનુમાનજી મંદિરે હનુમાન જયંતિનું વિશેષ આયોજન કરાયું : ૭૦૧ ડબ્બા તેલનો અભિષેક કરાશે

ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં આશરે ૧૦૦૦ વર્ષ કરતા પણ વધારે પ્રાચિન અને સ્વયંભૂ ડભોડીયા હનુમાનજી દાદાના મંદિરે આગામી તા. ૧૫મી એપ્રિલે હનુમાન જયંતિ નિમિત્તે ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં હનુમાનજીને ૭૦૧ તેલના ડબ્બા ચઢાવી અભિષેક કરાશે તેમજ ૧૫૧ કિલોની કેક કાપી હનુમાન દાદાનો 'હેપ્પી બર્થ ડે' ઉજવવામાં આવનાર છે.

ડભોડા ખાતે આવેલ આ પ્રાચીન ડભોડીયા હનુમાનજી મંદિર જિલ્લામાં લોકોની આસ્થા અને શ્રદ્ધાનું પ્રતિક બનેલ છે. આ મંદિરમાં હનુમાન જયંતિ નિમિત્તે મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જે સવારે ૫ વાગે શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત ૯ વાગે ૭૦૧ ડબ્બા તેલથી દાદાનો અભિષેક કરાશે. અભિષેક બાદ દાદાની જાજરમાન શોભાયાત્રા બેન્ડવાજા સાથે કાઢવામાં આવશે. બપોરે ૧૧.૪૫ કલાકે ધજા ચઢાવવામાં આવશે અને ૧૨ વાગે મહાઆરતી કરાશે.

મહાઆરતી બાદ હનુમાન દાદાના ભક્તો દ્વારા તેમના જન્મદિવસ માટે ખાસ બનાવાયેલી ૧૫૧ કિલોની કેક કાપવામાં આવશે. હનુમાન જયંતિએ યોજાનાર આ ધાર્મિક કાર્યક્રમોમાં ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડશે અને તેમની વ્યવસ્થા માટે ૩૦૦ કાર્યકરોની ફોજ સતત ખડેપગે રહી કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને દરેક ભક્ત સરળતાથી દર્શન કરી શકે તે અંગે સેવાઓ આપશે.

અત્રે ઉલ્લેખનીય છે કે મોગલ શાસન દરમ્યાન અલ્લાઉદ્દીન ખીલજીએ પાટણ ઉપર ચઢાઈ કરેલી ત્યારે પાટણના રાજા 'સઘળા'એ અહિંયા આશરો લીધો હતો. ડભોડીયા હનુમાનજી મંદિરના મહંત સ્વ. જુગલદાસજીને ડભોડા ગામના સરહદી વિસ્તારમાં ક્યારેય કાતરા કે તીડ પડશે નહી તેવા આશિર્વાદ આપ્યા હતા. જેના કારણે આજે પણ આ વિસ્તારના ખેડૂતોને કાતરા કે તીડનો ત્રાસ ઉભો થતો નથી. દર મંગળવારે અને શનિવારે અહીં ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડે છે.

## ભાજપે વાંધા લીધા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જરૂરી સ્પષ્ટતાઓ કરી હતી જેને લઈ જિલ્લા કલેક્ટર વ ચૂંટણી અધિકારીને સંતોષ થતાં તેમણે ભાજપના વાંધાઓ ફગાવી દીધા હતા.

આ પછી ભાજપ અને કોંગ્રેસના બન્નેના ઉમેદવારીપત્રો માન્ય કરવામાં આવ્યાની જાહેરાત થઈ હતી. જો કે ત્યારબાદ ચકાસણીની કામગીરી ખુબ ઝડપથી આગળ ચાલી હતી.

કોંગ્રેસ તરફથી શ્રી કીરીટ પટેલના સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. ચકાસણી સંપન્ન થયા બાદ કોંગ્રેસના ઉમેદવાર શ્રી કીરીટ પટેલ જાતે કલેક્ટરને મળવા આવ્યા હતા અને કેટલાક વાંધાઓ અંગે લેખિતમાં જાણ કરી હતી પરંતુ કલેક્ટરશ્રીએ તેઓને જણાવી દીધુ હતુ કે પ્રક્રિયા સંપન્ન થઈ ગઈ છે. હવે તમારા વાંધાઓ ધ્યાને લેવાશે નહિ.

## શબ્દાવલી - ૫૩૬૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | ■ | ૯ | | | |
| | ■ | ૧૦ | ૧૧ | ■ | ■ | ૧૨ | |
| ■ | ૧૩ | | | ૧૪ | ૧૫ | ■ | |
| ૧૬ | | ■ | ૧૭ | | | ૧૮ | ■ |
| ૧૯ | | ■ | | ■ | ૨૦ | | ૨૧ |
| ૨૨ | | | ■ | ૨૩ | | | |
| | ■ | ■ | ૨૪ | | ■ | ■ | |

### આડી ચાવી

૧. દારૂની એક જાત (૩)
૪. ધૃણા, તિરસ્કાર (૪)
૮. બળવાન, બળસહિત (૩)
૯. ધબકાર, 'થડ' એવો અવાજ (૪)
૧૦. સાંભળવાની ઇન્દ્રિય (૨)
૧૨. મિત્ર, દોસ્ત (૨)
૧૩. પરિવાર સંબંધી (૫)
૧૬. મર્તબો, સન્માન (૨)
૧૭. સનસનાટીને હિન્દીમાં... કહેવાય (૪)
૧૯. ઝેર (૨)
૨૦. દહેજ (૩)
૨૨. ત્વરાથી, જલ્દી (૩)
૨૩. કરામત, ખેલ (૪)
૨૪. રોગનું હિન્દી (૨)

### ઊભી ચાવી

૧. સીટી, સિસોટી (૩)
૨. બધાનું હિન્દી (૨)
૩. કલરવ, નાના છોકરાઓનો અવાજ (૪)
૪. નથણી, નાકનું ઘરેણું (૨)
૫. દારૂ ગાળવાનું સ્થાન ભઠ્ઠી (૨)
૬. ફજેતી, ખરાબ અંજામ (૩)
૭. હોબાળો, સનસનાટી (૪)
૧૧. સાવ નવા, તરતનું (૪)
૧૩. પાન ખરી જાય તે ઋતુ (૪)
૧૪. એક સાબુનું નામ (૨)
૧૫. રસદાર, કસવાળુ (૪)
૧૬. મા-બાપ કે પિયર (૪)
૧૮. દાનત, મનેખા (૩)
૨૧. યૌવન, યુવાન કાયા (૩)
૨૩. દેવુ, કરજ (૨)

### શબ્દાવલી ૫૩૬૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) પંજરી (૩) તકલીફ (૬) ચાપ (૭) કાબર (૮) તકીયાકલામ (૯) કાચુ (૧૯) તિસમારખા (૧૩) જક (૧૪) રંગાટી (૧૫) આળ (૧૬) કામગરો (૧૯) જખમ (૨૦) પપકોન

**ઊભી ચાવી :-** (૧) પંચાત (૨) જપકી (૩) તબલા (૪) કરમ (૫) ફરજચુક (૭) કાક (૯) કાજળ (૧૦) તિરંદાજ (૧૧) સગા (૧૨) માટીકામ (૧૫) આરોપ (૧૭) ગપ (૧૮) વેન

# મહાનગર ભાજપ દ્વારા ડોર ટુ ડોર લોકસંપર્ક અભિયાન શરૂ

## અડવાણીને વિજય બનાવવા અપીલ

ગાંધીનગર, તા. ૧૦

લોકસભાની ચૂંટણીને લઈને ભાજપ ગુજરાત પ્રદેશ દ્વારા પ્રચાર અભિયાન તેજ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં લોકસંપર્ક કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને જંગી બહુમતીથી વિજયી બનાવવા માટે ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા કમર કસવામાં આવી રહી છે.

આજરોજ મહાનગર ભાજપ દ્વારા અલગ અલગ વિસ્તારમાં લોકસંપર્ક કરવામાં આવ્યો હતો. મહાનગર ભાજપ પ્રમુખ નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે શહેરના સેક્ટર-૧ અને ૨માં સવારના સમયે અને સાંજે સેક્ટર-૩ અને ૪માં લોકસંપર્ક કરવામાં આવ્યો હતો. ભાજપના વિવિધ મોરચાના હોદ્દેદારો, કોર્પોરેટરો અને વોર્ડ પ્રમુખો દ્વારા ભાજપને વિજયી બનાવવા અપીલ કરવામાં આવી હતી. તેમજ ભારતીય જનતા પાર્ટીના સમર્થકોના ઘર ઉપર ભઆજપાનો ધ્વજ ફરકાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે લોકસંપર્કમાં મહિલા મોરચાની બહેનોએ મહિલા મતદારોના હાથમાં મહેંદી મુકી હતી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર મોદીજીને વડાપ્રધાન બનાવવા અપીલ કરી હતી.

# ધોળા દિવસે હિંમતનગરમાંથી બે બાઈક ચોરાયા

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાંથી બે દિવસમાં બે અલગ અલગ જગ્યાએથી બે બાઈકોની ચોરી થતા હિંમતનગર બી-ડીવીઝન પોલીસ મથકે જાણ કરવામાં આવતા પોલીસે જાણવાજોગ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બુધવારે બપોરના સુમારે ૨ વાગે હિંમતનગર શહેરના અમરસિંહજી શોપીંગ મોલમાં આવેલ જય માતાજી ડ્રેસીસના માલિક વિક્કી સિંધીની બાઈક નંબર જીજે-૯-સીજી-૪૨૫૯ની પાર્કિંગમાં પાર્ક કરેલ બાઈક પાર્કિંગના ચોકીદારને જય માતાજીની બાઈક કઈ છે તેમ કહી ચોકીદારે બતાવતા તે બાઈક કોઈ ઈસમ લઈને જતો રહ્યો હતો જે બાઈક અંગે સાંજે વિક્કીભાઈને ચોરાઈ છે તેવી જાણ થતા તેમણે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ મથકે ગુરૂવારે જાણ કરી હતી તો બીજી તરફ મંગળવારે બપોરના સુમારે ૧૧ વાગે હિંમતનગરના મુખ્ય બસ સ્ટેન્ડમાં પાર્સલ વિભાગ આગળ પાર્ક કરેલ પ્રકાશ ચંદુલાલ તેજવાલની જીજે-૯-સીડી-૧૯૫૦ પાર્ક કરેલી જે કોઈ ઈસમ ચોરી કરી લઈ ગયેલ જે અંગે પ્રકાશભાઈ તેજવાલે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ મથકે બુધવારે જાણ કરી હતી.

# આમ આદમી પાર્ટીના છોટા ઉદેપુર ઉમેદવારના ઘર અને ગાડી પર હુમલો

આમ આદમી પાર્ટીને દેશભરમાં મળી રહેલ અભૂતપૂર્વ સફળતા સાથે સાથે આમ આદમી પાર્ટીના કાર્યકરો અને નેતાઓ ઉપર થઈ રહેલા રાજકીય હુમલાની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ ઉપર પણ છેલ્લા કેટલાક સમયમાં રાજનીતિ પ્રેરિત હુમલાઓની સંખ્યા અચાનક વધી ગઈ છે. ચાહે ગુજરાત હોય કે વારાણસી કે પછી દિલ્હી, અરવિંદ કેજરીવાલ પર શાહી, ઈંડા-હાથાપાઈ સુદ્ધાં કરવામાં આવી છે. છેલ્લા કેટલાય સમયથી આમ આદમી પાર્ટીના છોટા ઉદેપુર લોકસભાના ઉમેદવાર છોટુભાઈ વસાવા અદભુત રીતે આમ આદમી પાર્ટીનો પ્રચાર પ્રસાર પોતાના વિસ્તારમાં કરી રહ્યા છે. સામાન્ય જનતા તરફથી છોટુભાઈ વસાવાને ભવ્ય પ્રતિસાદ મળી રહ્યો છે જેનાથી ભાજપ-કોંગ્રેસના નેતાઓના પેટમાં તેલ રેડાયું છે.

સવારે ૬ વાગ્યાની આસપાસ અજાણ્યા બાઈક સવારોએ તેમના ઘર અને ગાડી ઉપર પત્થરો અને લાઠીઓ દ્વારા હુમલો કર્યો હતો. હુમલામાં તેમની ગાડી અને ઘરની બારીઓના કાચ તોડી નાખવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટીના ઉમેદવારો અને નેતાઓ ઉપર ગુજરાતમાં થતા આ હુમલાઓ પ્રશ્ન ઉભો કરે છે કે જો ચૂંટણી લડતા ઉમેદવારો અને નેતાઓ પણ જો ગુજરાતમાં સુરક્ષિત ના હોય તો સામાન્ય નાગરિકની સુરક્ષાનું ધ્યાન કોણ રાખશે? નરેન્દ્રભાઈ મોદીના હજારો અંગરક્ષકો?

## ૨૦ ઉમેદવારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૬ જેટલા સમર્થકો ગાંધીનગર સંસદીય મતવિસ્તાર બહારના દર્શાવ્યા હોવાથી આ ફોર્મ રદ કરવામાં આવ્યું છે. ભાજપ અને કોંગ્રેસના ડમી ઉમેદવારોના ફોર્મ પણ આ પ્રક્રિયા દરમ્યાન રદ કરાયા હતા. આમ હવે ગાંધીનગર બેઠક માટે ૨૦ ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે. લોકસભાની ગત ચૂંટણીમાં આ બેઠક પર ૧૯ ઉમેદવારો મેદાનમાં હતા. આમ ગતચૂંટણી કરતાં એક ઉમેદવાર વધુ છે.

૧૨મી એપ્રિલ ઉમેદવારી પત્ર પાછો ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી આ દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. જો કે આજે એ વાત નિશ્ચિત બની ચુકી છે કે આ વખતનો જંગ પણ બહુકોણીય બનશે. ૧૯૯૬ પછી આ બેઠક પર સતત બહુકોણીય જંગ ખેલાયો છે જે ઉલ્લેખનીય છે. ૧૨મી એ જ આ જંગમાં બાકી રહેલા ઉમેદવારોને ચૂંટણી પ્રતીકની ફાળવણી કરવામાં આવશે.

## વિક્રમી મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લક્ષદ્વીપમાં પણ ૭૦ ટકાથી વધુ મતદાન થયું હતું. અગાઉ આજે સવારે લોકસભાની ચૂંટણી માટે ત્રીજા તબક્કામાં મતદાન શરૂ થયું હતું. શાંતિપૂર્ણ રીતે મતદાન શરૂ થયા બાદ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. નવ તબક્કામાં પૂર્ણ થનાર ૧૬મી લોકસભાની ચૂંટણીના બીજા તબક્કા માટે ૧૪ રાજ્યોને આવરી લેતી ૯૧ બેઠક માટે આજે મતદાન શરૂ થયું હતું. પ્રથમ તબક્કામાં આસામમાં પાંચ અને ત્રિપુરાની એક બેઠક માટે મતદાન થઈ ચૂક્યું છે. બીજા તબક્કામાં ગઈકાલે મતદાન થયું હતું. હવે ત્રીજા તબક્કામાં આજે મતદાન થયું હતું. ૯૧ બેઠક માટે આજે સવારે શાંતિપૂર્ણ રીતે શરૂ થયું હતું. ૯૧ સીટો પૈકી કેટલીક એવી સીટો છે જ્યાં દેશવાસીઓની નજર કેન્દ્રીત થઈ ગઈ હતી. દિલ્હીની તમામ બેઠકો, બિહારની છ બેઠકોનો પણ સમાવેશ થાય છે. બિહારના સાસારામથી દેશના પ્રથમ દલિત નાયબ વડાપ્રધાન બાબુ જગજીવનરામની પુત્રી અને લોકસભાના અધ્યક્ષ મીરાં કુમારનું ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયું હતું. ૨૦૦૪ અને ૨૦૦૯ની ચૂંટણીમાં મીરાં કુમારની અહીં જીત થઈ હતી. મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢના કેટલાક ભાગોમાં મતદાન યોજાયું હતું. આજે સવારે શાંતિપૂર્ણ રીતે મતદાન શરૂ થયું હતું. ઉત્તર પ્રદેશમાં પશ્ચિમી ઉત્તર પ્રદેશની ૧૦ બેઠકો ઉપર મતદાન યોજાયું હતું. અહીં ૧૪૬ ઉમેદવારના ભાવિ સીલ થઈ ગયા હતા. જે સીટ ઉપર ઉત્તર પ્રદેશમાં મતદાન યોજાયું હતુ તેમા મુજફ્ફરનગર, સહારનપુર, કેરાના, મેરઠ, બાગપત, ગાઝિયાબાદ, ગૌતમબુદ્ધનગરનો સમાવેશ થાય છે. આવી જ રીતે હરિયાણામાં લોકસભાની તમામ ૧૦ બેઠક ઉપર અને ચંદીગઢમાં એક બેઠક ઉપર મતદાન યોજાયું હતું. મહારાષ્ટ્રમાં ૧૦ લોકસભા બેઠક પર મતદાન યોજાયું હતું. બિહારમાં લોકસભાની છ બેઠક ઉપર મતદાન યોજાયું હતું આવી જ રીતે કેરળમાં પણ તમામ ૨૦ બેઠકો માટે મતદાન યોજાયું હતું. તમામ જગ્યાએ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. બિહારમાં આજે જે ઉમેદવારોના ભાવિ સીલ થઈ ગયા હતા તેમાં લોકજનશક્તિ પાર્ટીના વડા ચિરાગ પાશવાન, ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન કાંતિસિંહનો સમાવેશ થાય છે. કુલ ૧૧ કરોડ મતદારો દિલ્હી સહિત ૧૧ રાજ્યોમાં ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા આજે મેદાનમાં હતા. દેશના તમામ ૧૧ રાજ્યોમાં રેકોર્ડ મતદાન થયું હતું. રેકોર્ડ મતદાનના પરિણામ સ્વરુપે લોકો પરિવર્તનની લહેર જોઈ રહ્યા છે.

# ચિલોડા પોલીસે બીયરના ટીનથી ખીચોખીચ ભરેલી સુમો પકડી પાડી...!!

## બપોરે વોચ ગોઠવીને ચિલોડા સર્કલ પાસેથી ૨૯ પેટી બીયર ભરેલી સુમો પકડીને પોલીસે ૪.૬૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ પાસેથી દારૂ બીયરનો જથ્થો



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ભરેલી રાજસ્થાન પાસિંગની ટાટા સુમો જીપ પસાર થતી હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસ આજે બપોરે વોચ પર ગોઠવાઈ ગઈ હતી. નાકાબંધી કરીને પોલીસે સુમો જીપ ઉભી કરાવી દીધી પણ ડ્રાયવર ભાગી છુટયો હતો. જીપમાં તપાસ કરતા આખી જીપ બીયરના ટીનના ખોખાથી ખીચોખીચ ભરેલી હતી. પોલીસે બીયર તથા જીપ મળીને કુલ રૂ. ૪.૬૯ લાખનો મુદ્દામાલ કબજે લઈ ઊંડી તપાસ શરુ કરી છે.

લોકસભા ચૂંટણીને પગલે ગાંધીનગર પોલીસ એલર્ટ થઈ ગઈ છે અને તમામ પ્રવેશદ્વારો પર ચાંપતી નજર રાખી દારૂની હેરાફેરી પર પુરતો કંટ્રોલ મુકી દીધો છે.

આજે બપોરના અરસામાં હિંમતનગરથી ચિલોડા હાઈવે પર દારૂ બીયરની હેરાફેરી કરતી ટાટા સુમો પસાર થવાની હોવા અંગે બાતમી ચિલોડા પીએસઆઈ પી.જે. પંડયાને મળતા તેમની ટીમ સાથે ચિલોડા સર્કલ વોચ પર બેસી ગયા હતા. બાતમી વાળી જીપ નં. આર.જે. ૧૬ યુ.એ. ૩૨૧૯ ચિલોડા સર્કલથી નીકળતા જ નાકાબંધી કરીને જીપ ઉભી કરાવી દીધી હતી. ડ્રાયવર ત્યાંથી ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. પોલીસે સુમોનું ચેકિંગ કરતા તેમાંથી ૬૯૬ નંગ (૨૯ પેટી) બીયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે જીપ સહીત રૂ. ૪,૬૯,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર થઈ ગયેલા બુટલેગરની તપાસ આરંભી છે.

## ફુટેજ તપાસવામાં આવશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સી.સી.ટી.વી. કેમેરા ગોઠવી વોચ રાખવામાં આવી હતી. જેમાં જિલ્લાના ૧૭ સંવેદનશીલ પરીક્ષા કેન્દ્રોમાં કેમેરા ગોઠવવામાં આવ્યા હતા. પરીક્ષામાં ઉપરાંત લોબીના ભાગમાં પણ આ પ્રકારે કેમેરા ગોઠવવામાં આવ્યા હતા. ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ પરીક્ષા આપતા હોય તેવા કેન્દ્રોમાં આ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

આ દરમિયાન સી.સી.ટીવી કેમેરાના ફૂટેજનું પણ નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. જયારે આગામી દિવસોમાં આ ૧૪૦ જેટલી સીડીઓનું શિક્ષણ બોર્ડ દ્વારા ખાસ નિરિક્ષણ કરાશે. સીડીની તપાસ બોર્ડના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કરવામાં આવશે. આ દરમિયાન કોઈ ગેરરીતી માલુમ પડશે તો સંબંધિત વિદ્યાર્થીઓ વર્ગ નિરિક્ષક તેમજ શાળા સામે પગલા લેવાશે તેમ પણ જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડે જણાવ્યું છે.

## સહિ ઝુંબેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સે. ૨૧ જીમખાના ખાતે આ અભિયાનનો આરંભ થશે. આ ઉપરાંત કલોલ, દહેગામ અને માણસા વિસ્તારમાં પણ ૪-૪ સ્થાનો પર આવી સહિઝુંબેશ હાથ ધરવામાં આવશે. મતદાર જાગૃતિ અભિયાન આગામી સપ્તાહમાં વધુ સઘન બનાવવામાં આવશે. આ ઉપરાંત સચિવાલયના દરેક બ્લોક તેમજ અન્ય જાહેર સ્થાનોના પ્રવેશ દ્વારો પર મતદાન અવશ્ય કરીએ તેવા પ્લેકાર્ડ પણ મુકવામાં આવ્યા છે.

ગાંધીનગરમાં સચિવાલય સંકુલ, જુના સચિવાલય, ઉદ્યોગભવન, એમ.એસ. બિલ્ડીંગ, સિવિલ હોસ્પિટલ, પોલીસ ભવન જેવા સ્થળોએ સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન અભિયાન યોજાશે. જ્યારે સેક્ટર-૨૧ શાકમાર્કેટ, સેન્ટ્રલ વિસ્ટા, ડી-માર્ટ અને ઈન્ફોસિટી ખાતે સાંજે ૭ થી ૯ દરમ્યાન આ અભિયાન યોજવામાં આવશે.

## ચૂંટણી ઢંઢેરો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તુલનાએ ગુજરાતનું પાટનગર રેલવેની સુવિધા બાબતે કંગાળ છે. પાટનગરમાં તો રેલવે જંકશન હોવું જોઈએ પરંતુ અહીં તો માત્ર નામ પુરતી જ ટ્રેનો આવે છે. પાટનગરને શોભે તેવું રેલવે સ્ટેશન અહીંના મતદારો ઈચ્છી રહ્યા છે. દેશના બધા જ પાટનગરને જોડતી રેલવે સેવા અહીંથી શરૂ થાય અને અમદાવાદ-દિલ્હી રૂટની તમામ ટ્રેનો ગાંધીનગરથી પસાર થાય તેવી અહીંના મતદારોની અપેક્ષા કાંઈ વધુ પડતી નથી...! અહીંના સંસદસભ્ય પાસે એટલી અપેક્ષા ચોકકસ હોય કે તેઓ શહેરની રેલવેની સમસ્યા અંગે ઠોસ રજુઆત તો ચોકકસ કરે.

ગાંધીનગરની એક ઓળખ કર્મચારી નગર તરીકેની છે. મોટા ભાગે અહીં સરકારી કર્મચારીઓ અને નિવૃત્તો રહે છે. સરકારી અધિકારીઓ-કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે આવકવેરા મર્યાદામાં વધારો. અહીંના સાંસદ એ બાબતે તો ચોકકસ રજુઆત કરી જ શકે ને...છઠ્ઠા પગારપંચના અમલ બાદ મોટાભાગના કર્મચારીઓ આવકવેરાની મર્યાદામાં આવી ગયા છે. પગારો વધ્યા છે પરંતુ આવકવેરા મર્યાદામાં વધારો કરવામાં ન આવતા ઘણા કર્મચારીઓ ઈન્કમટેકસ ભરવાની પળોજણમાં ડુબેલા જોવા મળે છે. આવકવેરા મર્યાદા ચારથી પાંચ લાખ કરવામાં આવે તો ગાંધીનગરના મતદારો માટે તે ખુબ પ્રભાવી બની રહેશે.

આ શહેર છેલ્લા ઘણા સમયથી મહાનગર બનવાના સ્વપ્નાઓ સેવી રહ્યું છે. કાળઝાળ ઉનાળામાં બસની રાહ જોઈને ઉભા રહેતા ગાંધીનગરના મતદારો મેટ્રોરેલના આગમનની છેલ્લા દસ વર્ષથી રાહ જોઈ રહ્યા છે. વાયબ્રન્ટ સમિટમાં મેટ્રો ટ્રેનના મોડેલ જોઈ હરખાતા ગાંધીનગરાઓ મેટ્રો ટ્રેનનું સ્વપ્ન પૂર્ણ કરવા બાધા રાખવાની તૈયારીઓ કરી રહ્યા છે..

ગાંધીનગરાઓને એ જરાય નથી ગમતું કે તેમનો સંસદસભ્ય અહીંથી જીત મેળવી સંસદમાં બેસી જાય અને પાંચ વર્ષ સુધી અહીં ફરકે જ નહીં. ગાંધીનગરના મતદારોને જો સંસદસભ્યને મળવું હોય, કોઈ રજુઆત કરવી હોય તો તેમનું કાર્યાલય કયાં તે પુછવું પડે છે. ગાંધીનગરના સાંસદનું શહેરમાં કાર્યાલય હોવું જોઈએ અને અહીંના મતદારોની રજુઆત સાંભળે તેવો કોઈને કોઈ પ્રતિનિધિ ઓફિસમાં હાજર રહેવો જોઈએ.

એક અપેક્ષા એવી પણ છે કે અહીંનો સાસંદ તેને મળતી તમામ ગ્રાન્ટ વાપરે. બાંકડા કે ખખડેલા બસસ્ટેન્ડ ઉભા કરવાને બદલે તેમની ગ્રાન્ટ રચનાત્મક સર્જનાત્મક અને જનસમાજને ઉપયોગી હોય તેવી સંસ્થાઓની સ્થાપના, વિકાસ અને ઉત્ત્થાન માટે વપરાય.

.... અને હા દેશભરમાં કેન્દ્ર સરકારની જે યોજનાઓ ચાલે છે તેનો લાભ ગાંધીનગરના મતદારોને મળે તે પણ એટલું જ અપેક્ષીત છે.

ચુંટણીઓની સિઝનમાં મત માંગવા નીકળનારા ઉમેદવારો ગાંધીનગરના મતદારોનો આ ચુંટણી ઢંઢેરો જરૂર વાંચશે અને તેનો અમલ કરશે તેવી અપેક્ષા સાથે...લોકશાહી અમર રહો...